ઈસ્લામના નૂતન વર્ષે 'મોહર્રમ' હઝરત ઈમામ હુશેનની શહાદતની યાદમાં મુસ્લિમ બિરાદરો બનાવે છે...

જામનગરના અલગ-અલગ વિસ્તારોમાં બે મહિનાથી બની રહેલા કલાત્મક રંગબેરંગી તાજીયા

મોહર્રમથી જ ઈસ્લામના તથા વર્ષનો આરંભ થાય છે. મુસ્લિમ બિરાદરો દ્વારા હઝરત ઈમામ હુશેનની સહાદતની યાદમાં મોહર્રમ માસ દરમ્યાન કલાત્મક તાજીયા બનાવી માતમ મનાવવામાં આવે છે. જામનગર શહેરમાં કલાત્મક તાજીયા બનાવવામાં આવે છે. જામનગરના કલાત્મક તાજીયા વિશ્વભરમાં વિખ્યાત છે. જામનગરમાં અલગ-અલગ વિસ્તારમાં કલાત્મક તાજીયા બનાવવાની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. છેલ્લા એકથી બે માસની જહેમતથી તાજીયા બનાવવા તૈયારી કરતા હોય છે. જેને આખરી ઓપ આપી રહ્યા છે.

ખંભાળીયામાં આષાઢી બીજ પર્વ નિમિત્તે

હરેકૃષણ સત્સંગ કેન્દ્ર દ્વારા યોજાઈ જગન્નાથજીની ભવ્ય રથયાત્રા

ખંભાળિયા તા.૯: અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે રાજકોટના ઈસ્કોન મંદિર સંચાલિત ખંભાળિયાના હરેકૃષ્ણ સત્સંગ કેન્દ્ર દ્વારા ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ખંભાળિયાની મહાપ્રભુજી બેઠકથી સાંજે સાડાપાંચ વાગ્યે રથયાત્રાનો પ્રારંભ થયો હતો. શહેરના મુખ્ય માર્ગો પર હરેરામ, હરેકૃષ્ણના સંકીર્તન સાથે રથયાત્રાએ પરિભ્રમણ કર્યું હતું. આ રથયાત્રા રાત્રે નવ વાગ્યે ખંભાળિયાની નવી લોહાણા મહાજન વાડીએ સંપન્ન થઈ હતી. જ્યાં મહાઆરતી તથા ભક્તજનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. રથયાત્રામાં મોટી સંખ્યામાં કૃષ્ણભક્તો, ધર્મપ્રેમીઓ જોડાયા હતાં. રાગે આરતી તથા મહાપ્રસાદનો લાભ પણ સર્વે ભક્તોએ લીધો હતો.

સમગ્ર રથયાત્રાને સફળ બનાવવા રાજકોટ ઈસ્કોન મંદિરના પ્રમુખ વૈષ્ણવ સેવાદાસ તેમજ કપિલ કેશવદાસ, ગોપરાજ ગોપાલદાસ, વૈભવ સવજાણી, રાજેન્દ્રભાઈ ધોળકિયા, રમેશ રૂપારેલ વિગેરેની રાહબરી હેઠળ ખંભાળિયા કેન્દ્રના ભક્તો, સર્વે માતાજીઓએ, કૃષ્ણ ભક્તોએ, કાર્યકર્તાઓએ જહેમત ઊઠાવી હતી.

જિલ્લા કલેક્ટર શ્રી બી.કે. પંડ્યાના અધ્યક્ષસ્થાને

જામનગર જિલ્લા માર્ગ સલામતી સમિતિની સમીક્ષા બેઠક: વિવિધ પ્રશ્નો સંદર્ભે ચર્ચા થઈ

જામનગર તા. ૯: જિલ્લા કલેક્ટર શ્રી બી.કે.પંડ્યાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા માર્ગ સલામતી સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં થયેલી ચર્ચા અનુસાર શહેરના અતિવ્યસ્ત વિસ્તારોમાં વનવેમાં રોંગ સાઈડથી આવતા વાહનોને રોકવા માટે ઈ-મેમોની કામગીરી કડક બનાવવી, જામનગર લાલપુર હાઈવે પર કેશ બેરીયર મુકાવવા, ઝીરો ફેટેલીટી કોરિડોરનું નિર્માણ થાય, રખડતા ઢોરને પકડવાની કામગીરી, જાહેર માર્ગો પર સૂચના આપતા બોર્ડઝ લગાવવા, કેનાલની આસપાસ પ્રોટેક્શન વોલ બનાવવી વગેરે કાર્યો અત્યારે હાથ ધરવામાં આવ્યા છે.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે સમગ્ર જિલ્લામાં ગેરકાયદેસર હોર્ડિંગ્સ ઉતારવાની કામગીરી ચાલી રહી છે. તાજેતરમાં જિલ્લા સમર કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં બાળકોને માર્ગ સલામતીના નિયમો વિશે જાગૃત કરાયા હતા. સમગ્ર જિલ્લામાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ બાળકોની સલામતીને ધ્યાનમાં રાખતા ત્યાં અલગથી પાર્કિંગ ઝોન બનાવવા વિષે વિચારણા ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે આ વર્ષ દરમિયાન આરટીઓ કચેરી દ્વારા આયોજિત ૨૧ જેટલા કાર્યક્રમોમાં ૧૮૫૫ જેટલા લાભાર્થીઓએ માર્ગ સલામતીના નિયમો વિષે જાણકારી મેળવી છે. ટેક્સી પાર્કિંગ, આર.સી. બુક વગેરે જરૂરી સાધનિક કાગળો વગરના ૨૦ સ્કૂલ વર્ધી ચાલકોને દંડ કરવામાં આવ્યો છે. તેમજ સીએનજી ટેન્કવાળા વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.

ઉક્ત બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેક્ટર શ્રી બી.એન.ખેર, પ્રાંત અધિકારીશ્રીઓ તેમજ સમિતિના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

જામનગર જિલ્લાના જોડિયા નજીક ભાદરામાં

મહંત સ્વામી પધારનાર હોવાથી તા. ૧૦ થી ૧૮ સુધી વિવિધ કાર્યક્રમો: હરિભક્તો ખુશખુશાલ

જામનગર તા. ૯: જામનગર જિલ્લાના જોડિયા નજીક ભાદરા ગામે બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં સ્વામી ગુણાતીતાનંદજીના જન્મ સ્થાનમાં અક્ષર બ્રહ્મ પ્રગટ સ્વરૂપ મહંતસ્વામી મહારાજ પધારશે. જેના અનુસંધાને તા. ૧૦ થી ૧૮ સુધી વિવિધ કાર્યક્રમો યોજાનાર હોઈ, હરિભક્તોમાં અનેરો આનંદ પ્રસરી ગયો છે.

જોડિયાથી સાત કિલોમીટર દૂર બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી ગુણાતીતાનંદના જન્મસ્થાન પર તા. ૧૦-૭-૨૦૨૪ થી તા. ૧૮-૭-૨૦૨૪, ગુરુવાર સુધી અક્ષરબ્રહ્મ જન્મસ્થાનમાં પ્રગટ અક્ષરબ્રમ પ્રગટ બ્રહ્મ સ્વરૂપ શ્રી મહંત સ્વામી મહારાજશ્રી ભાદરાની આ પાવન ભૂમિમાં આવી રહ્યા છે, ત્યારે ભાદરામાં અનેરો ઉત્સાહ-ઉમંગ જોવા મળી રહ્યો છે.

તા. ૧૦ જુલાઈના સ્વાગતમ્, ૧૨ જુલાઈ શુક્રવારના સવારે ૫-૩૦ થી ૬-૪૫ આદર્શ જીવન સ્વામીની પ્રાતઃ કથા, સવારે ૬-૪૫ થી ૮ સ્વામીશ્રીની પૂજા, સવારે ૯ થી ૧૧ સભા, સાંજે સમીપ દર્શન (જામનગર ક્ષેત્ર), તા. ૧૩ જુલાઈ શનિવાર સવારે ૫-૩૦ થી ૬-૪૫ પૂજ્ય આદર્શ જીવન સ્વામીની પ્રાતઃ કથા, સવારે ૬-૪૫ થી ૮ સ્વામીશ્રીની પૂજા, સવારે ૯ થી ૧૧ સભા, સાંજે ૬ સમીપ દર્શન (ભાદરા ક્ષેત્ર ૧-૨), તા. ૧૪ જુલાઈ રવિવાર સવારે ૫-૩૦ થી ૬-૪૫ પૂ. આદર્શ જીવન સ્વામીની પ્રાતઃ કથા, સવારે ૬-૪૫ થી ૮ સ્વામીશ્રીની પૂજા, સવારે ૯ થી ૧૧ તુલસી તુલા, સાંજે ૫ થી ૮ રવિસભા તથા સ્વામીશ્રીના આશીર્વાદ, તા. ૧૫ જુલાઈ મહિલા દિન, તા. ૧૬ જુલાઈ મંગળવાર સવારે ૫-૩૦ થી ૬-૪૫ પૂ. આદર્શ જીવન સ્વામીની પ્રાતઃ કથા, સવારે ૬-૪૫ થી ૮ સ્વામીશ્રીની પૂજા, સવારે ૯ થી ૧૧ સભા, તા. ૧૭ જુલાઈ વિરામ દિન, તા. ૧૮ જુલાઈ ગુરુવાર સવારે બોચાસણ જવા વિદાય થશે.

સ્વામી ગુણાતીતાનંદજીના જન્મ સ્થળે ધર્મોત્સવ



ઉલ્લેખનિય છે કે, ભાદરામાં શ્રી સ્વામિનારાયણ મંદિર બીએપીએસ જે શ્રી ગુણાતીતાનંદ સ્વામીનું જન્મસ્થાન છે. આ પાવન ભૂમિમાં પૂ. બ્રહ્મ સ્વરૂપશ્રી યોગીજી મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખ સ્વામી મહારાજ અવારનવાર પધારતા હતાં. ભાદરાના આંગણે પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી મહંત સ્વામી મહારાજ પધારી રહ્યા છે. તેમની પાવનકારી ઉપસ્થિતિમાં સત્સંગનો લાભ લેવા પધારવા સાધુ ધર્મકુંવરદાસ (કોઠારી સ્વામીશ્રી) શ્રી સ્વામિનારાયણ મંદિર (ગુણાતીતનગર) દ્વારા જણાવાયું છે.

નોંધ પ્રમાણિક કરવા થયો હુકમઃ

ખેતીની જમીનમાં વારસાઈ નોંધ અંગે વાંધા અરજી નામંજૂર

જામનગર તા. ૯: જામનગરમાં આવેલી ખેતીની એક જમીનમાં વારસાઈ હક્ક પત્રકે નોંધ દાખલ કરાવવા થઈ રહેલી તજવીજ સામે વાંધા અરજી કરાઈ હતી. તેના તકરારી કેસમાં વારસાઈ નોંધ પ્રમાણિત કરવાનો નાયબ કલેકટરે હુકમ કર્યો છે.

જામનગર શહેરમાં આવેલી આરીફ ઈસ્માઈલ ગરાણાની સંયુક્ત માલિકીની ખેતીની જમીનમાં વારસ દરજ્જે હક્ક પત્રકે વારસાઈ નોંધ દાખલ કરાવવા શહેઝાદહુસેન એમ ગરાણાએ કાર્યવાહી કરતા આમનાબેન હાસમભાઈએ વાંધા અરજી કરી હતી.

ત્યારપછી તકરારી કેસ થયો હતો. તેમાં બંને પક્ષ દ્વારા રજૂ થયેલી દલીલો સાંભળ્યા પછી નાયબ કલેકટરે વિવાદીની વાંધા અરજી નામંજૂર કરી વારસાઈ નોંધ પ્રમાણિક કરવા હુકમ કર્યો છે. પ્રતિવિવાદી તરફની વકીલ ઉમર લાકડાવાલા રોકાયા હતા.

ચાંદની શરઈ ગવાહી

જામનગરની સુન્ની-મુસ્લિમ જમાત ચાંદ કમિટીને માહે મોહર્રમ ૧૪૪૬ ના ૩૦ માં ચાંદની શરઈ ગવાહી મળી જતા મુસ્લિમ તહેવાર તા. ૮-૭-૨૦૨૪ ના પહેલી તારીખ તા. ૧૩-૭-૨૦૪, શનિવારના છઠ્ઠી શરીફ, તા. ૧૭-૭-૨૦૨૪ યૌમે આશુરા, તા. ૧૮-૭-૨૦૨૪ ના અગ્યારમી શરીફ, તા. ૧૯-૭-૨૦૨૪ ના બારમી શરીફ તેમ ચાંદ કમિટીના પ્રમુખ મુસ્તાક બાપુ ચિશ્તી કાદરી હબીબી (મો. ૯૮૨૪૮ ૧૦૨૧૨) એ જણાવ્યું છે.

:: જાહેર નોટીસ ::

આથી જાહેર નોટીસ આપી લાગતા વળગતાને જણાવવાનું કે, જામનગર જિલ્લાના, લાલપુર તાલુકાના મોજે પીપરનવી ગામના ખાતા નં. ૧૨૫૭ જેના નવા સર્વે નં. ૨૯૧ (જૂના સર્વે નં. ૨૫૭/પૈકી-૨) જેનું ક્ષેત્રફળ જરાયત હેક્ટર ૧-૮૭-૧૭ આરે જેનો આકાર રૂા. ૬.૯૦ પૈસા વાળી ખેતીની જમીનના સ્વતંત્ર માલિક તથા કબજેદાર કાનાભાઈ હમીરભાઈ કરમૂર પાસેથી અમારા અસીલએ ઉપરોક્ત ખેતીની જમીનની ખરીદી કરેલ છે અને સૂંથીની રકમ ચૂકવેલ છે.

આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેલ દિવસ-દસ (૧૦) માં જે કોઈને આ ખેતીની જમીનના વેંચાણ સામે કોઈપણ વાંધા-તકરાર હોય કે કોઈનો હક્ક, કરજ, અગ્રહક્ક, લિયન, ગીરો, કુલમુખત્યારનામું, કરાર કે કબજા બાબતે વાંધા-તકરાર હોય તો નીચેના સરનામે પુરાવા સાથે જાણ કરવી. અન્યથા જો કોઈના તરફથી નિયત સમયમાં વાંધા રજૂ કરવામાં નહીં આવે તો મુદ્દત વીત્યે અમારા અસીલ મજકૂર ખેતીની જમીનનો રજિસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ તેમના નામે અથવા તેમને યોગ્ય લાગે તેના નામે કરાવી લેશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા માન્ય રહેશે નહીં. તેની નોંધ લેવી. જેની સર્વે જનતાને આથી જાણ કરવામાં આવે છે.

જામનગર
તા.૦૯-૦૭-૨૦૨૪
તે અમારા અસીલની સૂચના અને ફરમાઈશથી
(મહાવીરસિંહ બી. જાડેજા) એડવોકેટ

:: અમારા મારફત ::
મહાવીરસિંહ બી. જાડેજા - એડવોકેટ
ઠે.લાલપુર, ઠે.નવી કોર્ટ પાસે, જિ. જામનગર :: મો. ૯૯૨૫૩ ૮૦૧૭૩

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છેકે, જામનગર જિલ્લાના, જામનગર ગ્રામ્ય તાલુકાના, મોજે: નાની માટલી ગામના નવા ખાતા નં. ૮૩૭ થી આવેલ નવા રે.સ.નં. ૨૬૯ (જૂના રે.સ.નં. ૨૫૧/પૈકી-૨/પૈકી-૨) જેના હેક્ટર ૧-૩૩-૩૩ આરે ચો.મી. વાળી ખેતીની જમીન હીરાભાઈ વાલાભાઈ સાગઠીયા તથા રવજીભાઈ વાલાભાઈ સાગઠીયાની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની આવેલ છે, અને તેઓ પાસેથી સદરહુ ખેતીની જમીન ટાઈટલ ક્લિયરની શરતે ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે, અને સૂંથીની રકમ ચૂકવેલ છે.

ઉપરોક્ત ખેતીની જમીનમાં જો કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થાનું લેણું, બોજો, ચાર્જ, લીયન કે અગ્રહક્ક હોય કે ઉપરોક્ત ખેતીની જમીનમાં કોઈપણનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ કે અધિકાર આવેલ હોય અથવા ઉપરોક્ત ખેતીની જમીનના વેંચાણ સામે કોઈપણને વાંધા-તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૭ (સાત)માં અમોને નીચેના સરનામે લેખિત આધાર-પુરાવા સાથે રજુ કરવા. જો મુદ્દત દરમ્યાન કોઈ વાંધા-તકરાર આપવામાં નહી આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનું લેણું, બોજો, ચાર્જ, લાગભાગ કે અધિકાર આવેલ નથી. તેમજ ઉપરોક્ત જમીનના વેંચાણ સામે કોઈપણને વાંધા-તકરાર કે હરકત નથી, અને જો હોય તો જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ પૂરેપૂરો અવેજ ચૂકવી તેઓ જોગનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ અમારા અસીલની કોઈ જ જવાબદારી રહેશે નહીં, તેની સર્વેએ નોંધ લેવી.

જામનગર
તા.૦૯-૦૭-૨૦૨૪
રમેશ વી. વેકરીયા (એડવોકેટ)
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
રમેશ વી. વેકરીયા-સમર્થ આર. વેકરીયા
અનિલ ડી. ખરવાર (એડવોકેટ્સ)
૨૦૬, સંજીવની કોમ્પ્લેક્ષ, સુમેર ક્લબ રોડ, જામનગર :: મો.૯૮૨૪૫ ૭૦૬૪૪

:: જાહેર નોટીસ ::

આથી સર્વેને જાણ કરવામાં આવે છે કે શ્રી ગુજરાત રાજ્યના ડિસ્ટ્રીક્ટ તથા સબ-ડિસ્ટ્રીક્ટ જામનગરના શહેર જામનગર (૪) માં જામનગરની આથમણી સીમમાં જામનગર - ખંભાળિયા હાઈવે ઉપર આવેલ જામનગર નગરસીમ વિસ્તારમાં આવેલ **રેવન્યૂ સર્વે નં. ૧૪૪૪/૧** વાળી પિયત જમીન જેના હેક્ટર ૦-૮૦-૯૪ આરે પૈકી ૫૦% અવિભાજ્ય જમીન જેના હેક્ટર ૦-૪૦-૪૭ આરે વાળી ખેતીની જમીન જે પિયત ખેતીની જમીનના ધારણકર્તા **(૧) રાણીબેન દેવાભાઈ ઓડેદરા (૨) હરીશ દેવાભાઈ ઓડેદરા** પાસેથી વેંચાણ રાખવા અમારા અસીલે સોદો કરેલ છે અને સૂંથીની રકમ આપેલ છે.

ઉપરોક્ત મિલકતમાં કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થાનો હક્ક, હિત, સંબંધ, લાગભાગ, અધિકાર આવેલ હોય કે કોઈનું લેણું, બોજો, ચાર્જ, લિયન કે કોઈપણ ગીરો મોરગેજ હોય કે સદરહુ વેંચાણ સામે કોઈપણને કોઈપણ જાતના વાંધા-તકરાર હોય તો આ નોટીસ મળ્યે **દિવસ-૭** માં અમોને નીચેના સરનામે લેખિત આધાર-પુરાવા સાથે રજુ કરવા, જો મુદ્દત દરમ્યાન કોઈ વાંધા-તકરાર લેવામાં નહીં આવે તો સદરહુ મિલકત ઉપર કોઈપણનું લેણું, બોજો, ચાર્જ, લાગભાગ કે હિત સંબંધ આવેલ નથી કે સદરહુ વેંચાણ સામે કોઈપણને વાંધો-તકરાર નથી અને જો હોય તો જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ જમીન માલિક પાસેથી ધોરણસર વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ અમારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહીં. જેની તમામે નોંધ લેવી.

તા. ૦૯-૦૭-૨૦૨૪
એસ.બી. ભેટારિયા (એડવોકેટ)
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
એસ.બી. ભેટારિયા (એડવોકેટ)
ઓફિસ: ૧૮, બીજો માળ, કિષ્ના કોમ્પ્લેક્ષ, જનતા ફાટક પાસે, જામનગર - મો.નં.: ૯૮૨૪૫ ૦૪૨૬૧

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
ઈ-ટેન્ડર નોટિસ

યુનિવર્સિટીના પરીક્ષા શાખા માટે ઉત્તરવહીઓનું એસેસમેન્ટ ઓનલાઇન કરાવવા અંગેનું ટેન્ડર ટુ બીડ પધ્ધતિથી ઓનલાઇન મંગાવવામાં આવે છે. ટેન્ડર તથા અન્ય માહિતી ayurveduniversity.edu.in તથા nprocure.com પર તા.24-07-2024 ના બપોરે 3-00 કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

Tender ID No. 83418
માહિતી/જામ./૧૫૩/૨૦૨૪
કુલસચિવ

-: જાહેર નોટિસ :-

આથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, **જામનગર** જિલ્લાના **જામજોધપુર** તાલુકાના મોજે : **શેઠવડાળા** ગામના નવા રેવન્યુ **સરવે નંબર- ૯૩૬ (જૂના સરવે નંબર- ૫૫૩)** ક્ષેત્રફળ હેકટર ૩-૭૮-૮૨ તથા નવા રેવન્યુ **સરવે નંબર- ૯૩૭ (જૂના સરવે નંબર- ૫૫૨)** ક્ષેત્રફળ હેકટર ૧-૬૪-૯૨ વાળી જૂની શરતની બિનપીયત ખેતીની જમીન જે રેવન્યુ રેકર્ડમાં ખાતા નંબર- ૭૩૪ થી **(૧) જમનાદાસ વીરજી તથા (૨) ચંદ્રકાંત વીરજી,** ઠે. બન્ને, શેઠવડાળાના નામે નોંધાયેલ છે. આ ખેતીની જમીન તેઓ પાસેથી ટાઈટલ ક્લીયરની શરતે ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે.

આ જગ્યા ઉપર કોઈનો કોઈ પણ પ્રકારનો બોજો, કરજ, ચાર્જ કે લિયન હોય કે આ જગ્યાના હાલના માલિકના માલિકી હકક/ટાઈટલ અંગે કોઈને કોઈપણ જાતનો વાંધો-તકરાર, વિવાદ કે દરદાવો હોય અથવા તો આ જગ્યાના વેચાણ સામે કોઈ વાંધો-તકરાર હોય તો તે અંગે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ- ૮ માં અમારી ઓફિસે લેખિત આધાર પુરાવા સાથે રજૂઆત કરવી. જો નિયત મુદતમાં લેખિત આધાર પુરાવા સાથે કોઈ વાંધો તકરાર લેવામાં નહી આવે તો કોઈને કોઈ વાંધો તકરાર નથી અથવા હોય તો પણ તે જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે આ જગ્યાનો પોતાના જોગનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધો-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં, જેની સર્વેએ નોંધ લેવી.

ભરત સુખપરિયા એન્ડ એસોસિએટ્સ
૧૦૩, શ્રી લક્ષ્મીનારાયણ, લીમડા લેન, જામનગર-૩૬૧૦૦૧
ફોન : ૨૫૫૩૭૧૭, ૨૬૬૬૬૬૬, મો. ૯૮૨૫૨ ૧૧૦૮૮
e-mail : kirit@sukhparia.com

* જાહેર નોટિસ *

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, જામનગર જિલ્લાના જામનગર તાલુકાના શહેર જામનગરમાં, લીમડા લેન વિસ્તારમાં મુખ્ય ભાગ - "જી", ના શીટ નં. - ૧, સીટી સર્વે નં. ૬૭-૬૮ વાળી જગ્યાની હકકચોકસી થતા આ જગ્યાનો વોર્ડ નં. ૧૦, શીટ નં. ૨૮૬, સીટી સર્વે નં. ૧૪૫૪ તથા ૧૪૫૫ વાળી જગ્યા પરના ઉભેલ ઇમલા ઇમારત વાળી મિલકત, જેના સર્વે નં. ૧૪૫૪ વાળી મિલકતનું ક્ષેત્રફળ ૧૨૩.૪૧ ચો.મી. અને ૧૩૨૮.૩૮ ચો.ફુટ છે, તથા સર્વે નં. ૧૪૫૫ વાળી મિલકતનું ક્ષેત્રફળ ૧૯.૦૦ ચો. મી. અને ૨૦૪. ચો. ફુટ થાય છે, જેના તા. ૦૧/૦૭/૨૦૨૩ ના રોજ ના મંજૂર થયેલ સબ-ડિવિઝન નં. ૧૪૫૪/એ તથા ૧૪૫૪/બી વાળી મિલકત માંથી ૧૪૫૪/બી વાળી મિલકત કે જેનું જમીન નું ક્ષેત્રફળ ૭૧.૯૯ ચો. મી., જેના ગ્રાઉન્ડ ફ્લોર નું બાંધકામ ૫૬.૦૨ અને પ્રથમ ફ્લોરનું બાંધકામ ૫૬.૦૨ હોઈ, કુલ બાંધકામનું ક્ષેત્રફળ ૧૧૨.૦૪ ચો.મી. થાય છે, તેના હાલના માલિકો (૧) શ્રી હાર્દિક લલિતભાઈ કનખરા (૨) શ્રી હાર્દિકકુમાર કાંતિલાલ કનખરા (૩) શ્રી પ્રભુલાલ કેશવલાલ કનખરા પાસેથી ટાઈટલ ક્લીયરની શરતે ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે.

ઉપરોક્ત મિલકત પરત્વે કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ, અધિકાર હોઈ કે ઉપરોક્ત મિલકત કોઈ પાસે ગીરો, મોર્ગેજ હોય, કે કોઈનું પણ લેણું, બોજો, ચાર્જ હોય, તેમજ આ વેંચાણ સામે કોઈને પણ વાંધો-તકરાર કે હરકત હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેલી દિવસ - ૭ (સાત) માં અમોને નીચેના સરનામે લેખિત વાંધા-પુરાવા સાથે રજુ કરવા. જો મુદત માં કોઈના વાંધા-તકરાર રજુ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત મિલકતમાં કોઈનો હક્ક, હિસ્સો, લાગભાગ કે અધિકાર આવેલ નથી, તેમજ આ મિલકતના વેંચાણ સંબંધે કોઈને વાંધો - તકરાર નથી, અને હોઈ તો વેઈવ કરેલ છે, તેમ માનીને અમારા અસીલ અવેજની બાકીની રકમ ચૂકવી મજકૂર મિલકતનો રેજિસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના વાંધા-તકરાર કે હકકદાવા અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિ, જેની સર્વેએ સ્પષ્ટનોંધ લેવી.

જામનગર.
તારીખ : ૦૯/૦૭/૨૦૨૪
-:: તે અમારા અસીલની સૂચનાથી ::-

ધર્મેન્દ્ર જયંતિભાઈ કનખરા
એડવોકેટ
ઠે. : શિવહરી ટાવર્સ, પ્રથમ માળે, ખંભાળિયા ગેઇટ પાસે, જામનગર (ફોન નંબર : ૦૨૮૮-૨૬૭૯૯૯૭)
(મોબાઈલ નંબર : ૯૭૨૬૨ ૮૦૦૯૫)

15 X 2